*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**



*** પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન ***


જ્ઞાયક-અનુલગ્ના, શ્રુતદિવ્યા, શુદ્ધિવિકાસિની હો બેન,-પરમપદસાધિની હો બેન!
સંગવિમુખ, એકલ નિજ-નંદનવન-સુવિહારિણી હો બેન,-સુધા-આસ્વાદિની હો બેન!

---

# સખી દેખ્યું કૌતુક આજ

[ રાગઃ- આવો આવો સીમંધરનાથ ]

સખી! દેખ્યું કૌતુક આજ માતા 'તેજ' ધરે;
એક આવ્યા વિદેહી મહેમાન, નીરખી નેન ઠરે.
વિદેહી વિભૂતિ મહાન ભરતે પાય ધરે;
મા 'તેજ' તણે દરબાર 'ચંપા' પુષ્પ ખીલે...સખી૦
શી બાળલીલા નિર્દોષ, સૌનાં ચિત્ત હરે;
શા મીઠા કુંવરીબોલ, મુખથી ફૂલ ઝરે.
શી મુદ્રા ચંદ્રની ધાર, અમૃત-નિર્ઝરણી;
ઉર સૌમ્ય સરલ સુવિશાળ, નેનન ભયહરણી...સખી૦
કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી...સખી૦
સીમંધર-ગણધર-સંતનાં તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો...સખી૦



વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક - ૧૦




વીર સં.
૨૫૦૨
: શ્રાવણ :
A.D. 1976
AUG.

**શ્રાવણ વદ બીજના દિને જન્મજયંતી-અભિવાદન પ્રસંગે મુમુક્ષુ ભાઈઓએ પૂજ્ય બહેનશ્રીને આત્માર્થબોધક કંઈક મંગળ વચનો સંભળાવવા વિનંતી કરી હતી. તે વેળાએ પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખથી વહેલું**

## * અધ્યાત્મ-અમૃત *

પૂજ્ય ગુરુદેવ કહી રહ્યા છે એ માર્ગ છે....

આ ચૈતન્યતત્ત્વને ઓળખવું, ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો-એ જ કરવાનું છે. એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે-એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક-જ્ઞાતા છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી. એ સમજવા માટે દેવ-ગુરુ-શાસ્ત્રાદિક બાહ્ય નિમિત્તો હોય છે, પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે. એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો;.....પણ ધર્મ તો આત્મામાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિ નથી. જોકે શુભભાવ આવ્યા વિના રહેતો નથી તોપણ ત્યાં તો શાંતિ નથી જ. શાંતિ હોય, સુખ હોય-આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. નિવૃત્તિમય ચૈતન્યપરિણતિમાં જ સુખ છે, બહારમાં ક્યાંય સુખ છે જ નહિ. માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે. તે મનુષ્યજીવનમાં કરવા યોગ્ય-હિતરૂપ-કલ્યાણરૂપ એક જ છે.



# પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેનની ૬૩મી જન્મજયંતી








ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની
પ્રવચન-વાટિકામાંથી વીણેલાં

## અધ્યાત્મસૌરભયુક્ત ૬૩ ચંપાપુષ્પો

૧. ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના–એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને –ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે–એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

૨. જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર

વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે વૈરાગ્યની મસ્તીને ઓળખે છે અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં જ્ઞાનને ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે.




૩. હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ....ને આત્મામાં ગમાડ! આત્મામાં ગમે તેવું છે....આત્મામાં આનંદ ભર્યો છે, ત્યાં જરૂર ગમશે....માટે આત્મામાં ગમાડ. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ.




૪. અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય -એ જ જીવનમાં કરવા જેવું છે.




૫. અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો. અને જેને આત્માની ખરેખરી લગની લાગી. તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ....તેની પાછળ લાગવું જોઈએ.... આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. 'મારું હિત કેમ થાય?' 'હું આત્માને કઈ રીતે જાણું?'-એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.




૬. જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે-પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે -આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.

૭. સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.‘સ્વભાવ’ શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુંવાંટે રુંવાંટા ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.




૮. જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં પર્યાયે પર્યાયે એટલે કે ડગલે ને પગલે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર એકપણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે.




૯. પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને જ કમાવે એટલે ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.




૧૦. અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગ-દ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવો માનતો હોય, પણ જેને ચૈતન્ય-આત્મા ઉઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.




૧૧. મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદ કે ઉત્સર્ગ માર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.

૧૨. દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્ય-તળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના

પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે.

૧૩. ‘હું જ્ઞાયક ને આ પર’, બાકી બધાં જાણવાનાં પડખાં છે. ‘હું જ્ઞાયક છું, બાકી બધું પર’ –આ એકધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી એટલે અધરું લાગે.




૧૪. ‘હું છું’ એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે. પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે. ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે.




૧૫. તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે! અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિંચોડામાં પિલાઈ ગઈ! આવી તો જિનેન્દ્રવાણીની મહિમા ગાઈ છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી!




૧૬. જ્ઞાન–વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે. માટે જ્ઞાન–વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ.




૧૭. જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડયો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ–સમાધાન રહેશે, જ્ઞાતા–દ્રષ્ટાપણે રહી શકાશે.

૧૮. દ્રષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દ્રષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ ‘ચૈતન્ય છું’ એ દોર હાથમાં રાખવો.

વિકલ્પો આવે પણ ચૈતન્યતત્ત્વ તે હું છું–એવો વારંવાર અભ્યાસ કરવાથી દ્રઢતા થાય.

૧૯. દ્રષ્ટિના જોરમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ દ્રષ્ટિના જોરમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જાુદા ને ન્યારા છે.





૨૦. મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ છે–એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઇ જાય છે કે મારે મારું અસ્તિત્વ જોઈએ છે. –આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.




૨૧. અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે, શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.




૨૨. ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળે તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસતી વાણી છે.

૨૩. ઉપલક ઉપલક વાંચન વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકના અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.

૨૪. આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર–મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે.

૨૫. પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન–શ્રવણ–મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભભાવથી સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે–એ ખટક સાથે જ રહેવી જોઈએ.




૨૬. અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંત–ગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર –તેમાં રમણ કર.




૨૭. આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક ‘અચંબો’ છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું, પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.




૨૮. ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, “બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ.”




૨૯. જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા.....પછી જાળ ચોંટશે નહિ.

૩૦. જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે ‘આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં –પાંદડાં–ફળ વગેરે આવશે, ’ પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના ‘શું પ્રગટશે’ એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.

૩૧. સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન–વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેનો પણ જ્ઞાતા રહે છે.

૩૨. સમ્યગ્દ્રષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય પણ સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના–બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ–કસ વગરનુ હોય એવા ભાવે–બહાર ઊભા છે.








૩૩. 'જેને લાગી છે તેને જ લાગી છે'.....પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે






અંદરથી ઊંડાણમાં ખટક રહ્યાં જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે – એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી એટલે મૂંઝવણ તો થાય, પણ આડો–અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.




૩૪. મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ઉતાવળે પ્રાપ્ત ન થાય.




૩૫. અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે. વળી શુભને વારંવાર કરતાં શુભભાવ પણ સહજ થઈ જાય છે. પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ.




૩૬. જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.




૩૭. 'હું અબદ્ધ છું,' 'જ્ઞાયક છું,' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાંતિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ–દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.

૩૮. આત્માને મેળવવાનો જેને દ્રઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. સદ્‌ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય

એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે.

૩૯. સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી. જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. વળી પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે.




૪૦. સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે; દૃષ્ટિ એક ધ્યેય ઉપર છે. જેમ મુસાફર એક નગરથી બીજા નગરે જાય છે ત્યારે વચ્ચે બીજાં બીજાં નગર આવે તેને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી; જ્યાં જવું છે, તેનું જ લક્ષ રહે છે.




૪૧. ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ. અંદર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે.

૪૨. યથાર્થ રુચિ સહિતના શુભભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે; અને યથાર્થ રુચિ વિના, તેના તે શુભભાવો લૂખા અને ચંચળતાવાળા હોય છે.




૪૩. જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે ‘તારું નામ શું?’ તો કહે’ ‘મારી બા.’ ‘તારું ગામ કયું?’ તો કહે’ ‘મારી બા,’ ‘તારા માતા–પિતા કોણ?’ તો કહે ‘મારી બા’; તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે ‘જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ’ એવું રટણ રહ્યાં જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે.




૪૪. રુચિમાં ખરેખર પોતાની જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. તેને ચોવીસે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક ચાલુ રહે. જેમ કોઈને ‘બા’ નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની

જ હોય. 'બા' ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા' માં જ રહ્યું હોય છે : 'અરે! મારી બા....મારી બા!'; એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઈએ. ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા....મારો આત્મા!' એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ. એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ.




૪૫. અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના




અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટયો તેમાં નવીન શું? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.




૪૬. જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે, તે વર્તમાન પાત્ર છે.




૪૭. ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી. મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે, તે પર્યાય છે. જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે, જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે; તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે તેમ જણાય. ચૈતન્ય પદાર્થ તો છૂટો જ છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ-જ્ઞાયકમૂર્તિ છે, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. વિભાવની જાળ પાથરેલી છે, વિભાવની જાળમાં ફસાઈ ગયો છે, પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી.

૪૮. વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. વિકલ્પમાં જરા પણ શાંતિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ. એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાંતિ મનાઇ જાય છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.

૪૯. આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ચિંતવન ખાસ કરવું જોઈએ. કષાયના વેગમાં તણાતા અટકવું, ગુણગ્રાહી બનવું.




૫૦. તું એવી સમ્યક્ મતિ કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે; તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્યના ઊંડા સંસ્કાર રેડ.




૫૧. આકાશ–પાતાળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડયો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે.




૫૨. શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બન્ને ભિન્ન–ભિન્ન સ્વતંત્ર છે, તેમાં આ શરીરાદિ મારું એમ માની સુખ–દુઃખ ન કર, જ્ઞાતા થઈ જા. દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે, તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.




૫૩. નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે. શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે. બહારનું કાર્ય ઉપાધિ લાગે, રુચે નહિ.

૫૪. અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં તો સમજ....સમજ. કોઈ રીતે સમજ...સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા.

૫૫. ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે

પણ ભાવના સફળ થાય જ.

૫૬. જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય?





૫૭. પ્રશ્નઃ– જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી પડે છે?

ઉત્તરઃ– તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડેઊંડે સુખની કલ્પના રહી જાય અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય–ઇત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે. બાકી જે ખાસ જિજ્ઞાસુ–આત્માર્થી હોય અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તે તો ક્યાંય અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે.






૫૮. પૂ. ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડયું હોય તેનું મંથન કરવું જોઈએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઈએ. આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવા વિચાર–મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.

૫૯. જ્ઞાનીને દૃષ્ટિ–અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જો કે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.

૬૦. જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે? ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય? જ્ઞાનને સૂક્ષ્મ–તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.

૬૧. અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો-ભમતો સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો-દોડતો અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટકયો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટકયો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટકયો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટકયો ને પડયો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટકયો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.









૬૨. જેને ખરેખરો તાપ લાગ્યો હોય, જે સંસારથી કંટાળેલ હોય તેની આ વાત છે. વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહીં. કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ. જેને જેની રુચિ-રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે; 'રુચિ અનુયાયી વીર્ય.' જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.





૬૩. પ્રશ્નઃ- મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે?





ઉત્તરઃ- પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્યસ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે. તે પ્રગટ કરવામાં પોતાની તૈયારી-ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે તો પ્રગટ થાય.

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે.

## સુવર્ણપુરી-સમાચાર

# આનંદકારી જન્મોત્સવ

**મંગલમય મંગલકરણ, વીતરાગવિજ્ઞાન;**
**નમું તેહ, જેથી થયા અરિહંતાદિ મહાન.**










એકત્વવિભક્ત નિજ શુદ્ધાત્માની વીતરાગવિજ્ઞાનમય વિમળ અનુભૂતિ આ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ મંગળ છે. અરિહંત, સિદ્ધ વગેરે પંચપરમેષ્ઠી ભગવંતો તથા સાધક સંતો આ અનુભૂતિના મંગલ પ્રતાપે જ મહાન થયા છે. વીતરાગવિજ્ઞાનસુધાપ્લાવિત તે નિર્મળ અનુભૂતિ જ ભવભ્રમણના અંતનો-દુઃખસંતતિછેદનનો-માર્ગ છે. વીતરાગ જિનવાણીમાં પણ સર્વત્ર વીતરાગવિજ્ઞાનનો જ મહિમા ગાયો છે. તેનું યથાર્થ સ્વરૂપ તથા તેની પ્રાપ્તિનો સાચો ઉપાય આચાર્યભગવંતોએ, જિનવાણીના હાર્દને હૃદયંગમ કરી, સમયસાર વગેરે પરમાગમોમાં સ્પષ્ટ બતાવ્યો છે.

ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રણીત શ્રી સમયસાર વગેરે પરમાગમોમાં નિબદ્ધ વીતરાગવિજ્ઞાન-પરમામૃતનું રસપાન કરી જેમણે વીરપ્રભુના સૂના પડેલા શાસનમંદિરને અધ્યાત્મ-પિપાસુઓથી પુનઃ ગુંજતું કર્યું છે અને સમગ્ર ભારતવર્ષમાં સમયસારના સદુપદેશ દ્વારા શુદ્ધાત્મશ્રદ્ધાજ્ઞાનના પવિત્ર આંદોલન વડે ચમત્કારી ધર્મયુગ પ્રવર્તાવ્યો છે તે મંગલમૂર્તિ પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવે વીતરાગવિજ્ઞાનમય જિનેન્દ્રમાર્ગનું યથાર્થ સ્વરૂપ બતાવી મુમુક્ષુઓ પર મહાન ઉપકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવના પવિત્રતમ ઉપકારને ઝીલી જેમણે પોતાનું જીવન, સાધના તથા દશા










વીતરાગવિજ્ઞાનમય સ્વાનુભૂતિથી વિભૂષિત કર્યાં છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું વ્યક્તિત્વ પણ મંગળ તેમ જ મહાન છે. તેમણે ૧૮ વર્ષની લઘુ વયમાં સ્વયં અંતર્મંથન તથા ઉગ્ર પુરુષાર્થ વડે નિર્મળ સમ્યગ્દર્શન તથા નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિની પ્રાપ્તિ કરી લીધી છે. બાળપણથી જ તેમને આત્મપ્રાપ્તિની તમન્ના હતી. મારે આત્મા જોઈએ છે, આત્મદર્શન પ્રાપ્ત કરવું છે–એવી ફકત એક આત્માની જ લત હતી. જગતના અન્ય સમસ્ત વિષયોથી તેમની રુચિ ઊઠી ગઈ હતી. વિરક્ત રુચિ તથા આત્મપ્રાપ્તિની તીવ્ર લગનીના અંતઃપુરુષાર્થે તેમને આત્મસાક્ષાત્કાર કરાવ્યો; ભગવાન આત્માનાં દર્શન થયાં, અતીન્દ્રિય આનંદનો મહેરામણ અંદરમાં ઊછળવા લાગ્યો, સમગ્ર જીવન બાહ્ય ઉપાધિથી અબદ્ધસ્પૃષ્ટ–અલિપ્ત–હળવું લાગવા માંડયું. જીવન જાત્યંતર દશાને પામ્યું.

આવા મંગલમૂર્તિ પવિત્ર આત્માના આ પાર્થિવ દેહનો જન્મદિવસ શ્રાવણ વદ બીજના દિને છે. ઇન્દ્રો દ્વારા આનંદે ઉજવાતા તીર્થંકરભગવંતના જન્મકલ્યાણકની જેમ, ભગવતી જ્ઞાન–ચેતનાથી શોભતા એવા આ પવિત્ર સાધકસંતની જન્મજયંતી ઊજવવા માટે ભક્તહૃદયો આનંદ વિભોર થઈ થનગની ઊઠે તે સ્વાભાવિક છે.

પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્રતાની પ્રશંસા કરતાં ઘણી વાર પ્રમોદપૂર્વક કહે છેઃ 'બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દ્રષ્ટિ, નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. જગતનાં મહાન ભાગ્ય છે કે બેન જેવો પવિત્રાત્મા આ કાળે પાકયો છે. તેમનાં શાં વખાણ કરું! તેમને વખાણની કે બહારની કોઈ વસ્તુની કાંઈ પડી નથી, એ તો અંદરથી જ ઉદાસ.....ઉદાસ છે, સંસારથી સાવ મરી ગયેલાં છે; તેમને વિશે વિશેષ શું કહું!! તેમને બેન કહું, દીકરી કહું કે ભગવતી માતા કહું! અમારે મન તો તે ભારતનું ધર્મરત્ન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિંદુસ્તાનનો ચળકતો તારો છે.'

[ અનુસંધાન પૃષ્ઠ ૩૦ ]

# “બંધ-મોક્ષથી રહિત પરમાર્થ જીવનું સ્વરૂપ”

**પરમાત્મ પ્રકાશની આ ૬૮ મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યા છે, આનંદના વાજા વગાડયા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદવ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે. શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો, ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે.**

**( પરમાત્મપ્રકાશ ગાથા ૬૮ ઉપરનું પ્રવચન )**

સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ–વ્યયની પર્યાયને કે બંધ–મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ – મોક્ષની પર્યાયને જે કરતો નથી તેને અમે જીવ કહીયે છીએ–એમ જિનવરદેવ કહે છે.

જીવ તેને કહીયે કે જે પર્યાયને ઉત્પન્ન કરતો નથી, વ્યય કરતો નથી, બંધ–મોક્ષને કરતો નથી ને તેના કારણને કરતો નથી, તેને જિનેન્દ્રદેવ જીવ કહે છે. એક સમયમાં ચૈતન્યસ્વભાવ ધ્રુવધાતુને ધારી રાખ્યો છે એવી ત્રિકાળી વસ્તુ તે જીવ છે. એવો ત્રિકાળી ધ્રુવ પરમાત્મા પોતે મોક્ષમાર્ગને કરતો નથી, મોક્ષને કરતો નથી, બંધને કરતો નથી, બંધમાર્ગને કરતો નથી, પર્યાયના ઉત્પાદને કરતો નથી, પર્યાયના વ્યયને કરતો નથી તેને ત્રણલોકના નાથ જીવ કહે છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયને જીવ કરતો નથી, પર્યાયને પર્યાય કરે છે. પર્યાય પર્યાયના ષટ્કારકની તાકાતથી પરિણમે છે, દ્રવ્ય પર્યાયને કરતું નથી. અજ્ઞાની રાગની

એકતામાં ભીડાઈ ગયો છે, તેની પર્યાય ભીંસમાં આવી ગઈ છે, દ્રવ્ય તો દ્રવ્યપણે સદાય રહ્યું છે; તે રાગની ભીડમાં પણ ભીંસાતું નથી ને રાગની ભીડની ભીંસમાંથી છૂટીને મોક્ષની પર્યાયમાં પણ દ્રવ્ય આવતું નથી.

પરની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય નથી, પરંતુ સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. પર્યાય ને દ્રવ્ય બે ભિન્ન સત્તા છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. વ્યક્ત ને અવ્યક્ત સ્પર્શતું નથી. આવા ભગવાનને લક્ષમાં લેનારી પર્યાય પણ વસ્તુમાં આવતી નથી.

જિનવરદેવ એને જીવ કહે છે જે ઉત્પાદ-વ્યયની દશામાં આવતો નથી, બંધ-મોક્ષમાં આવતો નથી, બંધ-મોક્ષને કરતો નથી. મોક્ષની પર્યાય જે વસ્તુમાં નથી એવી વસ્તુ દ્રષ્ટિમાં લેવી; છતાં દ્રષ્ટિમાં વસ્તુ આવતી નથી. વસ્તુ જેવડી ને જેવી છે તેની શ્રદ્ધા પર્યાયમાં આવે છે પણ વસ્તુ પર્યાયમાં આવતી નથી.

બંધને મોક્ષની પર્યાયને કરે નહી તેને જિનવરદેવ જીવ કહે છે, એવો જીવ-ત્રિકાળી ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે, પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન પર્યાય છે પણ તેનો વિષય ધ્રુવ છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવની શ્રદ્ધા આવે પણ ત્રિકાળી ધ્રુવ ન આવે. પ્રતીતિમાં પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા આવે પણ તે પર્યાયમાં પૂર્ણાનંદનો નાથ પોતે ન આવે.

ધ્રુવ પોતાની પર્યાયમાં આવતું નથી અને પર્યાયને કરતું નથી. અજ્ઞાની પોતાના દ્રવ્યને ભૂલીને રાગને કરે છે પણ તે પરદ્રવ્યનો કર્તા નથી. નિર્મળ પર્યાય દ્વારા જેને આત્માનું ભાન થયું છે તે રાગનો પણ કર્તા નથી. શુદ્ધ નિશ્ચયનયથી ભગવાન આત્મા ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી.

હે યોગી! વાસ્તવિક તત્ત્વની દ્રષ્ટિથી વિચારવામાં આવે-જોવામાંઆવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દ્રષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

સમ્યગ્દ્રષ્ટિ એમ માને છે કે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ તે સમ્યગ્દર્શનની પર્યાયને કરતો નથી. સમ્યગ્દર્શનની પર્યાય એમ માને છે કે ત્રિકાળી વસ્તુ સમ્યગ્દર્શનની પર્યાયને પણ કરતો નથી. ભગવાન આત્મા ઉત્પાદમાં પણ આવતો નથી ને વ્યયમાં પણ આવતો નથી. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ તેમાં દ્રવ્ય આવતું નથી. સમ્યગ્દ્રષ્ટિ એમ જાણે છે કે દ્રવ્ય સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા નથી, સમ્યગ્દર્શનની પર્યાય રાગનો કર્તા નથી અને રાગ પરદ્રવ્યની પર્યાયનો કર્તા નથી.

સમ્યગ્દર્શનની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી પણ આખા દ્રવ્યની પ્રતીતિ આવે છે. જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય શું છે તે જાણવામાં આવ્યું છે તથા લોકાલોક શું છે તે જાણવામાં આવ્યું છે એવા ત્રિલોકી પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી, પણ નિર્મળ પરિણતિનો પણ કર્તા નથી. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા બંધ–મોક્ષથી રહિત છે એમ જિનેન્દ્રદેવ કહે છે.

ભગવાન આત્મા જેને દ્રષ્ટિમાં આવ્યો છે તે એમ કહે છે કે ભગવાન આત્મા નિર્મળ પર્યાયનો કર્તા નથી. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ છે, તેનું ધ્યેય ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે સમ્યગ્દર્શનની પર્યાયનો પણ કર્તા નથી.

અનાદિથી ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ છે કે જે શુદ્ધ પર્યાયને પણ કરતો નથી. એવા શુદ્ધાત્માની અનુભૂતિના અભાવથી–નિજ ચૈતન્ય પૂર્ણાનંદ સ્વરૂપની અનુભૂતિના અભાવથી જીવ પર્યાયમાં શુભ–અશુભ ઉપયોગે પરિણમીને ગતિઓમાં ઉપજે છે, નાશ પામે છે, કર્મબંધ કરે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે, ત્રિકાળી જાણવા–દેખવાની શક્તિવાળો છે. એવા ભગવાન આત્માની સન્મુખતાના અભાવથી અજ્ઞાનથી જીવ શુભ–અશુભ ભાવો કરીને શુભાશુભ કર્મબાંધીને જન્મ–મરણ કરે છે. શુભાશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધીને જન્મ–મરણને કરે છે અર્થાત્ શુભાશુભ ઉપયોગથી પરિભ્રમણ થાય છે, તેથી તે શુભોપયોગ મોક્ષનું કારણ કેમ હોઈ શકે ?

વસ્તુ પર્યાયને કરતી નથી ને પર્યાયમાં આવતી નથી તો આ શું થયું ?–કે એવી શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં એણે શુભાશુભ ઉપયોગ કર્યો છે. નિગોદમાં પણ શુભ ઉપયોગ છે. શુભાશુભ ઉપયોગ કરીને શુભાશુભ કર્મ બાંધી ને જન્મ, મરણ, ગતિ પરિભ્રમણ કરે છે. અને સહજ પરમપારિણામિક જ્ઞાયકભાવની સન્મુખ થઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધોપયોગ કરીને મોક્ષને કરે છે.

શુદ્ધાત્માની અનુભૂતિના સદ્ભાવમાં શુદ્ધોપયોગથી મોક્ષને કરે છે અને શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભાશુભ ઉપયોગથી બંધને કરે છે; તોપણ શુદ્ધ પરમપારિણામિકભાવ –બંધ–મોક્ષને કરતો નથી, શુભાશુભભાવને કરતો નથી ને અનુભૂતિને પણ કરતો નથી. પરમભાવની દ્રષ્ટિથી અનુભૂતિનો તથા શુભાશુભ ભાવનો અકર્તા છે.

ઉત્પાદ–વ્યવ વિનાનું ધ્રુવ, મોક્ષની પર્યાયને કરતું નથી. નિશ્ચયથી ધ્રુવ તે ઉત્પાદ–વ્યયનો હેતુ નથી, ઉત્પાદ છે તે વ્યય કે ધ્રુવનો હેતુ નથી તથા વ્યય છે તે ઉત્પાદ કે

ધ્રુવનો હેતુ નથી, બંધનો ને મોક્ષનો–બંને ભાવોનો કર્તા ધ્રુવ નથી, કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા પણ ધ્રુવવસ્તુ નથી.

શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં અજ્ઞાની શુભાશુભ ઉપયોગરૂપ પરિણમન કરીને કર્મબંધ કરે છે તેનાથી જીવન–મરણ થાય છે. પર્યાયમાં અનુભૂતિના અભાવમાં જન્મ–મરણ કરે છે તથા અબદ્ધસ્વરૂપ ચૈતન્યમૂર્તિની પર્યાયમાં અનુભૂતિ પ્રગટ થતાં શુદ્ધોપયોગથી જીવ મોક્ષને કરે છે. એ રીતે પર્યાયમાં બંધ–મોક્ષ કરે છે તોપણ ત્રિકાળી મુક્ત સ્વભાવ વસ્તુમાં બંધ ને મોક્ષ છે જ નહીં.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં અર્થાત્ શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે તે દ્રષ્ટિથી જોતાં દ્રવ્ય બંધ તેમજ મોક્ષનો કર્તા નથી–એમ સાંભળીને શિષ્ય પૂછે છે કે પ્રભુ! આત્મા શુદ્ધનયથી મોક્ષનો કર્તા નથી તેથી તેનો અર્થ એ કે શુદ્ધનયથી મોક્ષ પણ નથી માટે મોક્ષનો પ્રયત્ન પણ વૃથા છે. ત્યારે ગુરુ તેને સમજાવે છે કેઃ–

વસ્તુ અબંધ સ્વરૂપ છે, તેને દ્રષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દ્રષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ–મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ–મોક્ષ છે જ નહીં. પર્યાયમાં બંધભાવ છે અને તેના અભાવથી મોક્ષ થાય છે, પણ બંધ છે તે ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં. વસ્તુ સ્વભાવમાં બંધ કેમ હોય? વસ્તુમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. શુદ્ધનિશ્ચયનયથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દ્રષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયકભાવમાં બંધ–મોક્ષ ક્યાંથી આવે? પર્યાયનો બંધ–મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતી પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવતા, તેની દ્રષ્ટિ કરાવવા અને પર્યાયદ્રષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી.

જે પુરુષ બંધાયેલો હતો તેને છૂટી ગયો કહો તો તે ઠીક છે, પણ જે પુરુષ બંધાયો જ ન હોય તેને છૂટી ગયો કહો તો તે પુરુષ ક્રોધ કરે–ગુસ્સે થાય. તેમ રાગથી બંધાયેલો હતો તેને મુક્ત થયો કહેવો બરાબર છે પણ જે રાગથી બંધાયેલો જ નથી તેને મુક્ત થયો કહેવો યોગ્ય નથી. ત્રિકાળી વસ્તુસ્વભાવ બંધાયેલી જ નથી, જીવ રાગથી બંધાયેલો જ નથી. જીવ વસ્તુ રાગથી બંધાયેલી હોય તો વસ્તુ રહે જ નહીં.

અનંતા જિનવરો એમ કહે છે કે જીવ બંધ–મોક્ષને કરતો નથી તે જીવને અમે જીવ કહીયે છીએ. બીજી રીતે કહીયે તો બંધપર્યાય તો આશ્રય કરવા લાયક નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી. બંધ–મોક્ષથી રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. મોક્ષમાર્ગની પર્યાય તે વ્યવહાર જીવ છે. પર્યાય તે વ્યવહાર હોવાથી પર્યાયવાળો જીવ તે વ્યવહાર જીવ છે અને દ્રવ્ય તે નિશ્ચય જીવ છે.

પરમાત્મા થવાની કળા શીખવતાં કહે છે કે હે આતમરામ! જે જીવ મોક્ષના પરિણામને પણ કરતો નથી તેને અમે ( –જિનવરદેવ ) જીવ કહીયે છીએ ત્યાં દ્રષ્ટિ કર.

જીવ ને મોક્ષ વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં ?–હા, અભાવ સંબંધ છે. દ્રવ્યને અને પર્યાયને પ્રાગભાવાદિ ચાર પ્રકારના અભાવની જાતનો અભાવ નથી પણ દ્રવ્ય ને પર્યાય વચ્ચે આધ્યાત્મિક અભાવ છે. જીવમાં પર્યાય નથી અને પર્યાયમાં જીવ નથી એવો સંબંધ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સદ્રશ વસ્તુ છે, સામાન્ય સ્વરૂપ છે, તેમાં વિશેષનો અભાવ છે. સામાન્યમાં વિશેષનો અભાવ હોવાથી સામાન્ય તે વિશેષને કરતું નથી. વ્યક્તમાં, વ્યક્ત અને અવ્યક્તનું એકીસાથે જ્ઞાન થવા છતાં અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી. પર્યાયના આલિંગન વિના દ્રવ્ય શુદ્ધ છે. નિર્મળ પર્યાય વિનાના દ્રવ્યને શુદ્ધ કહે છે.

મોક્ષ અને મોક્ષમાર્ગ આશ્રય કરવા લાયક નથી, પર્યાય રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. વસ્તુ ધ્રુવ છે કે જેમાં બંધ–મોક્ષની પર્યાય નથી તેને જિનવરદેવ પરમાર્થ આત્મા કહે છે. બંધ–મોક્ષ તે પરમાર્થ આત્મા નથી. બંધ–મોક્ષ તો પર્યાયમાં છે. દ્રવ્યમાં પર્યાય નથી ને પર્યાયમાં દ્રવ્ય નથી. જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધાની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની પ્રતીતિ આવે છે પણ દ્રવ્ય નથી આવતું.

પ્રભુ! એકવાર સાંભળતો ખરો! તારા દ્રવ્યની પ્રભુતા એવડી છે કે તેમાં બંધ–મોક્ષની પર્યાય પણ નથી. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ વ્યવહારનય વિષય છે કેમ કે તે પર્યાય છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય નિશ્ચય–જીવને સ્પર્શતી નથી.

પ્રવચનસારમાં ૪૬ તથા ૪૭ મી નયમાં એમ કહ્યું છે કે માટીને ઘડો આદિ વાસણની અવસ્થાથી જોવી તે અશુદ્ધનય છે; અને માટીને માટીરૂપ જોવી તે શુદ્ધનય છે. તેમ દ્રવ્યને બંધ – મોક્ષથી જોવું તે અશુદ્ધનય છે અને બંધ–મોક્ષ રહિત એકલા દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. કેમ કે વસ્તુમાં બંધ–મોક્ષ છે જ નહીં, અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ ભૂતાર્થ છે.

નિશ્ચય મોક્ષમાર્ગ અને મોક્ષ તે પણ વ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે તેથી વ્યવહારનયનો વિષય છે, જિનવરદેવ એમ કહે છે કે ધ્રુવમાં બંધ–મોક્ષની પર્યાયનો અભાવ છે. દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર છે એટલે કે અશુદ્ધનય છે. નિશ્ચય મોક્ષમાર્ગ અશુદ્ધ નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને દેખવી તે ભેદ છે તેથી તે અશુદ્ધનય છે અને બંધ–મોક્ષથી રહિત ત્રિકાળી ધ્રુવને દેખવો તે શુદ્ધનય છે.

મોક્ષમાર્ગની પર્યાય વ્યક્ત છે તે અવ્યક્ત દ્રવ્યને સ્પર્શતી નથી, પર્યાય દ્રવ્યનો આશ્રય લ્યે છે ને ? –પર્યાય દ્રવ્યની સન્મુખ થઈ એટલે દ્રવ્યનો આશ્રય લીધો તેમ

કહેવાય, જ્યાં પર્યાયને દ્રવ્યનો સ્પર્શ પણ નથી ત્યાં આશ્રય શી રીતે લ્યે? –દ્રવ્યની સન્મુખ પર્યાય થાય ત્યારે દ્રવ્યનો આશ્રય પર્યાયે લીધો તેમ કહેવાય.

શુદ્ધ નિશ્ચયનયથી દ્રવ્યમાં ન તો બંધ છે ને ન તો મોક્ષ છે. પણ અશુદ્ધનયથી બંધ ને મોક્ષ છે, તેથી મોક્ષનો પ્રયત્ન કરવો ઘટે. બંધ ને મોક્ષની પર્યાય વ્યવહારનયનો વિષય છે, તેથી બંધની પર્યાયના નાશ માટે, મોક્ષનો પુરુષાર્થ કરવામાં આવે છે.

તાત્પર્ય એ છે કે પર્યાય વિનાનો ભગવાન આત્મા તે ઉપાદેય છે. સિદ્ધ સમાન એટલે કે ત્રિકાળી શુદ્ધ એવો નિજ આત્મા ઉપાદેય છે. પણ કોને ઉપાદેય છે કે જેણે અનુભૂતિ દ્વારા ઉપાદેય બનાવ્યો છે ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. શુદ્ધાત્માની સન્મુખની અનુભૂતિરૂપ પરિણમન થાય ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. એમ ને એમ ઉપાદેય–ઉપાદેય કરે–ધારણમાં રાખે તેને આત્મા ઉપાદેય નથી.

[ પૃષ્ઠ ૨૩ થી ચાલુ ]

જેમ અગ્નિ તથા પ્રકાશને તન્મયપણું છે તેમ જીવ અને વર્ણાદિ પુદ્ગલને તન્મયપણું છે તેમ જો માને તો જીવ મૂર્તિક ઠરે છે. સંસારદશામાં રંગ ને રાગના સંયોગો દેખાય છે તે જો તારા હોય તો તું રૂપી થઈ ગયો. દેહ, વાણી ને મનની ક્રિયા જડની છે, પુણ્ય–પાપના ભાવો પુદ્ગલના ચિત્રામણ છે, તેને પોતાના માન્યા તેણે આત્માને રૂપી માન્યો છે.

ગુણસ્થાન આદિ ભેદોને જીવ સાથે તાદાત્મ્ય સંબંધ હોય તો જીવ રૂપીપણાને પામે. તેથી રૂપીપણાથી લક્ષિત જીવ છે એમ ઠર્યું. પરંતુ રૂપીપણું તો પુદ્ગલદ્રવ્યનું અસાધારણ લક્ષણ છે. તેથી પુદ્ગલદ્રવ્ય જ જીવ છે પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી એમ ઠર્યું. આમ થતાં, મોક્ષ–અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ જીવ ઠરે. કેમ કે સ્વલક્ષણ બધીય અવસ્થા વિષે હાની કે ઘસારો પામતું નથી. એ રીતે મોક્ષ–અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ જીવ ઠર્યો, પણ જીવ ચેતન ન રહ્યો.

તેથી સંસાર–અવસ્થામાં પણ જીવને વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધ માનવાથી જીવનો જ અભાવ થાય છે.

# રાગાદિ સાથે તાદાત્મ્યપણું માનનાર અજીવ છે

**જેમ અગ્નિ અને પ્રકાશને તન્મયપણું છે તેમ સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિ સાથે તન્મયપણું છે-એવો જેનો અભિપ્રાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. કેમકે વર્ણાદિ અચેતન મૂર્તિક છે ને ભગવાન આત્મા ચેતન અમૂર્તિક છે, તેથી ચેતન ને અચેતન મૂર્તિક સાથે તાદાત્મ્ય સંબંધ માનનારો આત્માને રૂપી-જડ માની રહ્યો છે.**

**[ તા. ૨૭-૬-૭૬ ના પ્રવચનમાંથી ]**

હવે, 'માત્ર સંસાર–અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય સંબંધ છે' એવા અભિપ્રાયથી આવી પડતો દોષ બતાવે છે.

**વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.**
**એ રીત પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.**

સંસાર–અવસ્થા છે ત્યાંસુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાંસુધી જીવ માને છે ત્યાંસુધી તે મિથ્યાદૃષ્ટિ છે. જો સંસાર–અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય. કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે.

આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે, રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે. તેને બદલે એમ માને કે શુભાશુભભાવ મારા છે, રાગ તથા દયા–દાનની ક્રિયાવાળો હું છું, તો તેણે પરમાત્માને જડ માન્યો છે. પરમાણુમાં થતી ક્રિયાઓ જડ છે એ તો ઠીક, પણ પુદ્‌ગલના સંગે થતી પુણ્ય–પાપની ક્રિયાનો ભાવ તે પણ અચેતન છે. તેમને આત્માના માનનાર આત્માને અજીવ માની રહ્યા છે.

[ અનુસંધાન પૃષ્ઠ ૨૨ ]

# જીવસ્થાનાદિ ભેદો પુદ્‌ગલનું કાર્ય છે, જીવનું કાર્ય નથી.

**નિશ્ચયથી કારણ અને કાર્ય અભેદ હોય છે, તેથી રાગનું કારણ પુદ્‌ગલદ્રવ્ય છે. ને પુદ્‌ગલનું કાર્ય રાગ છે. રાગ તે આત્માનું કાર્ય નથી અને રાગનું કારણ પણ આત્મા નથી. આત્માની પર્યાયમાં જીવસ્થાનાદિ જે ભેદો પડે છે તે નામ-કર્મની પ્રકૃતિનું કાર્ય છે અને નામકર્મની પ્રકૃતિનું પુદ્‌ગલમયપણું આગમથી પ્રસિદ્ધ છે તેથી જીવસ્થાનાદિ પુદ્‌ગલમય છે.**

**[ તા. ૨૭-૬-૭૬ ના પ્રવચનમાંથી ]**

વર્ણાદિક ભાવો જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત સમજાવે છે:

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને**
**પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫**
**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬.**

નિશ્ચયનયે કાર્ય અને કારણ બંનેને અભિન્નપણું છે, તેથી જે જેના વડે કરાય છે તે તે જ છે. એટલે કે સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું હોવાથી તે સુવર્ણ જ છે. સુવર્ણના પાનારૂપે થયું તે સુવર્ણ જ છે. સુવર્ણના પાનારૂપે થયું તે સુવર્ણનું કાર્ય છે ને સુવર્ણ તેનું સાધન છે, કારણ છે, તે બંને અભિન્ન છે.

તેમ રાગનું સાધન રાગ છે, પુદ્‌ગલ છે. રાગનું સાધન પુદ્‌ગલ છે, ચૈતન્ય નથી. ચૈતન્યનું કાર્ય રાગ નથી, ચૈતન્યનું કાર્ય જાણવા-દેખવાના પરિણામ છે. કારણ ને કાર્ય બે અભિન્ન હોય, એટલે કે સુવર્ણનું પાનું તે કાર્ય અને સુવર્ણ તેનું કારણ છે. પરંતુ સોનીનું તે કાર્ય નથી અને સુવર્ણનું પાનું બનવામાં સોની કારણ નથી.

તેમ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંત તથા પર્યાપ્ત, અપર્યાપ્ત જીવસ્થાનો પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં હોવાથી તેઓ પુદ્ગલનું કાર્ય છે તેથી પુદ્ગલ જ છે, જીવ નથી.

સર્વજ્ઞદેવ એમ કહે છે કે પ્રભુ! તું સર્વજ્ઞ સ્વભાવી છો, તારું કાર્ય જ્ઞાન છે. સર્વજ્ઞપણું કારણ થઇને જાણવા-દેખવાના પરિણામ થાય તે સર્વજ્ઞનું કાર્ય છે. રાગનું કાર્ય સર્વજ્ઞતા નહીં અને રાગનું કારણ પણ સર્વજ્ઞતા નથી.

ચોખા ચડવામાં-પાકવામાં કારણ ચોખા છે, પાણી કે અગ્નિ તેનું કારણ નથી. છ-કાયની અહિંસા પાળનાર હું છું-એમ માનનાર પુદ્ગલની ક્રિયાનો પોતાને સ્વામી માને છે, પરંતુ ભગવાન કહે છે કે અહિંસાનો જે ભાવ થાય તેનો જાણનાર તું છો, જાણવાની ક્રિયા તારી છે અને તેનું કારણ તું છો.

નિશ્ચયથી તો ભવ ને ભવના ભાવ તારા નથી, તેમાં પુદ્ગલ નાચે છે. કારણ ને કાર્ય અભિન્ન હોય. મોક્ષમાર્ગના પરિણામ તે કાર્ય ને ભગવાન આત્મા તેનું કારણ. રાગના પરિણામ તે કાર્ય ને પુદ્ગલ તેનું કારણ-એ આગમ પ્રસિદ્ધ છે.

આત્મામાં જીવસ્થાનાદિ ભેદો પડે છે તે પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિનું કાર્ય છે ને તેમાં કર્મ કારણ છે. જીવસ્થાનાદિમાં આત્મા કારણ નથી ને તે આત્માનું કાર્ય નથી.

વળી નામકર્મની પ્રકૃતિનું પુદ્ગલમયપણું તો આગમથી પ્રસિદ્ધ છે. એ રીતે જીવસ્થાનો પુદ્ગલનું કાર્ય હોવાથી તેઓ પુદ્ગલમય છે. તેવી રીતે વર્ણાદિક ગુણસ્થાન પર્યંત ભેદભાવો પુદ્ગલમય જાણવા.

**દાહોદમાં તા. ૧૪ - ૭- ૭૬ થી તા. ૨૧-૭-૭૬ સુધી શિક્ષણ-શિબિર રાખવામાં આવેલ, જેમાં પંડિત શ્રી બાબુભાઇ (ફતેપુર), પંડિત શ્રી હુકમચંદજી ભારિલ્લ તથા અન્ય પંડિતો ઉપસ્થિત રહ્યા હતા. અનેક ગામોના મુમુક્ષુ ભાઈઓએ ઉત્સાહથી લાભ લીધો હતો. બધો જ કાર્યક્રમ સજ્જનદેવી મહેતા તરફથી થયો હતો.**

# વ્યવહારનયનું પ્રયોજનઃ નિશ્ચયથી અજાણને નિશ્ચય સમજાવવો

(તા. ૨૯–૬–૭૬ ના પ્રવચનમાંથી)

જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવો તે સર્વ વ્યવહાર માત્ર છે, તે વાત સમયસારની ૬૭ મી ગાથા દ્વારા આચાર્યદેવ દર્શાવે છેઃ

**પર્યાપ્ત અણપર્યાપ્ત જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭**

આ જીવને બાદર કહ્યો, સૂક્ષ્મ કહ્યો, એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પર્યંત કહ્યો તથા પર્યાપ્ત અપર્યાપ્ત કહ્યો, દેહની સંજ્ઞાને જીવસંજ્ઞા કહી, તે સર્વે પરની પ્રસિદ્ધિને લીધે 'ઘીના ઘડા' ની જેમ વ્યવહાર છે, કે જે વ્યવહાર અપ્રયોજનાર્થે છે, પ્રયોજનભૂત નથી. 'ઘીનો ઘડો' એવો વ્યવહાર છે તેમ જીવસ્થાનવાળો જીવ વ્યવહારથી કહેવાય છે, પરંતુ દ્રવ્ય સ્વરૂપ જોતાં તે જૂઠો છે.

દયા–દાન, વ્રત–તપનો વિકલ્પ ઉઠે છે તે આત્મા, રાગ તે આત્મા એમ કહ્યું તે વ્યવહારથી કહ્યું છે. દ્રવ્યસ્વભાવથી જોતાં વ્યવહાર જૂઠો છે કેમ કે શુભાશુભરૂપે જીવ થયો જ નથી. શુભાશુભભાવ અચેતન છે, તેમાં જ્ઞાનઘન ચેતનનું કિરણ નથી, તેથી જ્ઞાયકસ્વભાવ આત્મા અચેતનપણે પરિણમે તો જ્ઞાયક અચેતન થઈ જાય.

દ્રવ્યદ્રષ્ટિમાં વસ્તુ જ્ઞાયક જ છે, તે શુભાશુભભાવરૂપે થયો જ નથી, અચેતનરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમે તો અચેતન થઈ જાય તેથી તે પ્રમત્ત–અપ્રમત્તપણે થયો નથી. અસંખ્ય પ્રદેશે જ્ઞાનનો પૂંજ જ્ઞાયક છે તે શુભાશુભભાવે કેમ પરિણમે? તેથી શુભાશુભભાવવાળો જીવ એમ કહેવું તે "ઘીના ઘડા" ની જેમ વ્યવહાર છે

જેમ કોઈ પુરુષે જન્મથી ઘીનો ઘડો જ જોયો હોય, ઘી વિનાનો ઘડો જોયો ન હોય તેથી તેને 'જે આ ઘીનો ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી' એમ ઘડો માટીમય છે તે સમજાવવા ઘડામાં 'ઘીનો ઘડો' એવો વ્યવહાર કરવામાં આવે છે. 'ઘીનો ઘડો' એવા વ્યવહારથી ઘડો ઘીમય છે તેમ સમજાવવાનું વ્યવહારનું પ્રયોજન નથી, પરંતુ 'ઘીનો ઘડો' એવા વ્યવહારથી 'ઘડો માટીમય હોય, ઘીમય જ ન હોય' તેમ સમજાવવાનું તે વ્યવહારનું પ્રયોજન છે.

તેવી રીતે અજ્ઞાનીએ અનાદિથી અશુદ્ધ જીવ જ જાણ્યો છે, શુદ્ધ જીવને તે જાણતો નથી, તેથી તેને શુદ્ધ જીવ સમજાવવા ‘જે આ વર્ણાદિ–રાગાદિવાળો જીવ છે તે જ્ઞાનમય છે, રાગાદિમય નથી’ એમ જીવમાં વર્ણાદિનો વ્યવહાર કરીને વર્ણાદિ રહિત જીવ છે તેમ સમજાવ્યું છે, ‘રાગાદિવાળો જીવ’ એવા વ્યવહાર વડે રાગાદિમય જીવ છે એમ સમજાવવાનું તે વ્યવહારનું પ્રયોજન નથી, પરંતુ એવા વ્યવહાર વડે ‘જ્ઞાનમય જીવ છે, રાગમય જીવ નથી’ તેમ સમજાવવાનું તે વ્યવહારનું પ્રયોજન છે.

રાગ તે આત્માને સંસારમાં પ્રવેશ કરાવનાર છે–રખડાવનાર છે, તેનાથી ભિન્ન આત્મા અજ્ઞાનીએ જોયો–જાણ્યો નથી, તેથી એમ સમજાવ્યું કે રાગવાળો જીવ તે જ્ઞાનમય છે. એક સમય પૂરતો રાગનો સંબંધ છે તે વિનાનો જીવ જેણે જોયો નથી તેને સમજાવવામાં આવ્યું કે રાગના સંબંધવાળો જીવ ને જ્ઞાનમય છે, રાગમય નથી.

દર્શન–જ્ઞાન–ચારિત્ર ને પ્રાપ્ત છે તે આત્મા–એ પણ વ્યવહાર થયો. તેવા ભેદો વસ્તુસ્વભાવમાં નથી ને વસ્તુસ્વભાવની દ્રષ્ટિ કરતાં અભેદનો જ અનુભવ થાય છે તેથી સાંભળનારે કે કહેનારે આરોપિત–ઉપચરિત કથન કરનાર એવા વ્યવહારને અનુસરવું યોગ્ય નથી.

## વિવિધ સમાચાર (સોનગઢ તા. ૨૦-૮-૭૬)

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજમાન છે. પ્રવચનમાં સવારે પરમાત્મ–પ્રકાશ ગાથા ૮૯ ચાલે છે, બપોરે સમયસારમાં ગાથા ૯૪ ચાલે છે.

* શિક્ષણ–શિબિર આનંદ–ઉલ્લાસભર્યા વાતાવરણમાં પૂર્ણ થયો છે. દશ પ્રાંતોના ૧૯૨ ગામોમાંથી ૫૯૩ ભાઈઓ શિક્ષણ–શિબિરમાં ભાગ લેવા આવ્યા હતા તથા લગભગ ૨૫૦ બહેનો પણ પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેવા આવ્યા હતા.

---

**સૂચના-**

માનનીય પ્રમુખસાહેબની નાદૂરસ્તી તબિયતના કારણે તા. ૨૧/૨૨–૮–૭૬ ના બે દિવસ સંસ્થાની નકકી થયેલ બધી મીટિંગો તેઓશ્રીની સૂચના મુજબ હાલ તુરત મોકુફ રાખવામાં આવી છે. મીટિંગની તારીખો ફરી નક્કી થશે તેની ખબર આત્મધર્મમાં આપવામાં આવશે.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.**

# જો મોહ નાચે છે તો નાચો ! જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયક જ છે.

આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્‌ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્‌ગલ નાચે છે, રાગમાં પુદ્‌ગલ નાચે છે, અભેદ જ્ઞાનમાં પુદ્‌ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એક આકારે છે. તેથી વર્ણાદિ–રાગાદિ પુદ્‌ગલ જ છે.

રંગ રાગાદિ એ તો પુદ્‌ગલનો નાચ છે, તેમાં પુદ્‌ગલ નાચે છે, જીવ તેમાં નાચતો નથી. રાગભાવ અચેતન પુદ્‌ગલ છે તેથી તેમાં પુદ્‌ગલ જ નાચે છે. જીવ જ્ઞાયકસ્વભાવ તેમાં નાચતો નથી. ચૈતન્યસૂર્ય અનાદિથી ચૈતન્યપણામાં જ રહ્યો છે, શુભાશુભરૂપે કદી થયો જ નથી.

એકરૂપ જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિમાં વર્ણાદિ ભેદો અજીવ છે. ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા પૂર્ણ સ્વભાવી એકરૂપ છે તેમાં ભેદભાવો નથી, રાગાદિ નથી, તેથી તેઓ પુદ્‌ગલના છે તેથી તેમાં પુદ્‌ગલ નાચે છે, જીવ તેમાં નાચતો નથી.

રાગાદિ ચિદ્‌વિકારોને દેખીને એવો ભ્રમ ન કરવો કે રાગાદિ પણ ચૈતન્ય જ છે. બીજી રીતે કહીયે તો નિશ્ચયવાળાને જ્યાં વ્યવહાર સાધન કહ્યો છે, ત્યાં વ્યવહાર સાધન ન સમજવો. જ્ઞાનસ્વભાવી આત્માથી વિરુધ્ધ લક્ષણવાળા રાગને ચૈતન્ય સાથે દેખીને તેને સાધન ન સમજો. જેને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટયો છે તેને વ્યવહાર સાથે હોય છે તેથી સહચર દેખીને ઉપચારથી તેમાં સાધનનું આરોપણ કર્યું છે. પરંતુ વ્યવહાર મોક્ષમાર્ગ પ્રશસ્તરાગ છે અને તે આત્માના સ્વભાવથી વિરુધ્ધ લક્ષણવાળો છે તેથી વ્યવહાર મોક્ષમાર્ગ સાધન કેમ હોય ?–ન જ હોય.

રાગાદિ ચિદ્‌વિકારને ચૈતન્યના ન માનવા, કેમ કે જે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તેને ચૈતન્યના કહેવાય. રાગાદિ સંસાર–અવસ્થામાં હોવા છતાં તેઓ મોક્ષ–અવસ્થામાં વ્યાપતાં નથી, તેથી તેઓ આત્માના નથી. અને જે આત્માના ભાવો ન હોય તે આત્મપ્રાપ્તિનું સાધન કેમ હોય ? –ન જ હોય.

વળી રાગાદિનો અનુભવ આકુળતામય દુઃખરૂપ છે માટે તેઓ ચેતન નથી, જડ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ દુઃખરૂપ છે મહા આનંદનો લાભ તે મોક્ષ છે. એવા મોક્ષનું કારણ દુઃખરૂપ રાગ કેમ હોય ? તેથી જો મોક્ષનું સાધન વ્યવહાર હોય તો આનંદનું સાધન દુઃખ સિદ્ધ થાય, પણ આનંદનું સાધન દુઃખ કેમ હોય ?

ચૈતન્યનો અનુભવ અનાકુળ છે ને રાગાદિનો અનુભવ આકુળતા છે. તેથી તેઓ ચૈતન્ય નથી, અચેતન જડ છે. દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રશસ્ત છે, તેના લક્ષે થયેલો રાગ તે પ્રશસ્તરાગ છે, તે પણ આકુળતા છે, તેથી તે અનાકુળ આનંદસ્વરૂપી ચેતન નથી પણ અચેતન જડ છે.

પરમાનંદ સ્વભાવી ચૈતન્યની સન્મુખ થઈને તેના આશ્રયે જે દશા પ્રગટ થાય તે અનાકુળ દશા છે, અવિકારી શાંત દશા છે. તે જ જીવનો સ્વભાવ છે. જેનો અનુભવ અનાકુળ આનંદમય હોય તે જ મોક્ષનો માર્ગ હોય કેમ કે વસ્તુસ્વભાવ પણ અનાકુળ આનંદસ્વરૂપ છે. પુણ્ય પોતે વર્તમાન દુઃખરૂપ છે અને તેનું ફળ પણ દુઃખરૂપ છે એટલે કે પુણ્યના ફળમાં સંયોગો મળશે તેની સામે જોતાં રાગ થશે ને રાગનો અનુભવ દુઃખરૂપ છે. તેથી પુણ્ય તથા પુણ્ય ફળ દુઃખરૂપ છે.

તીર્થંકર પરમાત્મા કહે છે કે અમારી સામે જોતાં–અમારું લક્ષ કરતાં તને રાગ થશે, તે રાગ દુઃખરૂપ છે, તેનું ફળ પણ દુઃખરૂપ છે, એક માત્ર અનાકુળ આનંદનો પિંડ નિજ ચૈતન્યસ્વભાવ છે, તેની દ્રષ્ટિ કરતાં તેનો અનુભવ કરતાં તને આનંદ થશે. માટે તેનો જ અનુભવ કરો.

(સમયસાર કળશ ૪૪ પરના પ્રવચનમાંથી)

પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ ગુજરાતી ભાષામાં આપેલ પ્રવચનો કે જે ટેઈપ કરવામાં આવેલ છે તે ઉપરથી શોર્ટહેન્ડ દ્વારા લિપિબદ્ધ કરી શકે એવી એક વ્યક્તિની આવશ્યકતા છે. ગુરુદેવશ્રી દ્વારા પ્રરુપિત તત્ત્વની રુચિવાળા તેમ જ તેઓશ્રીના પરિચયમાં આવેલને પ્રથમ પસંદગી આપવામાં આવશે. પગાર યોગ્યતાનુસાર.

લખોઃ – મેનેજર,

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર,**

સોનગઢ (સૌરાષ્ટ્ર).

[ આનંદકારી જન્મોત્સવ : પૃષ્ઠ ૧૬ થી ચાલુ ]

અધ્યાત્મતીર્થપ્રભાવક પરમોપકારી આપણા પૂજ્ય ગુરુદેવ પ્રસન્નવિભોર થઈ અવારનવાર જેમની સ્વાનુભૂતિનો તથા ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાનૠદ્ધિનો મહિમા પ્રકાશે છે તે અધ્યાત્મવિભૂતિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીનો મંગલ ઉત્સવ સુવર્ણપુરીમાં કઈ રીતે ઊજવવામાં આવ્યો હતો, તેના સંક્ષિપ્ત સમાચાર 'આત્મધર્મ' ના વાચકવૃંદની જિજ્ઞાસાતૃપ્તિ અર્થે અત્રે આપવામાં આવે છે.

* ૬૩ મી મંગલ જન્મજયંતીનો ઉત્સવ શ્રાવણ સુદ પૂનમ, વદ એકમ ને બીજ–એમ ત્રણ દિવસ ઊજવવામાં આવ્યો હતો. ઉત્સવના ત્રણે દિવસ 'શ્રી પંચપરમેષ્ઠી–મંડલ–વિધાનપૂજા' સકળ સંઘે આનંદોલ્લાસ સહિત વિધિપૂર્વક કરી હતી. મંડલવિધાનપૂજા શ્રી ધીરજલાલ કસ્તૂરચંદ ઝોબાળિયાના પરિવાર તરફથી રાખવામાં આવી હતી.

* પૂનમના દિવસે ઉત્સવના પ્રારંભના મંગલ પ્રતીકરૂપે 'આજે કુમકુમ વરસે રે, દૈવી રત્ન વરસે રે, મંગળ જન્મવધાઈ ધર્મમાતની....' એ ભાવવાહી ભક્તિગીત સભામાં પ્રસ્તુત કરીને બ્રહ્મચારી બહેનોએ વાતાવરણને ઉત્સવાનંદથી ગુંજતું કરી દીધું હતું.

* ઉત્સવના ત્રણે દિવસ બ્રહ્મચર્યાશ્રમનું નભમંડળ પ્રભાતમાં તથા સંધ્યા સમયે ચોઘડિયાંવાદનથી તથા મધુરાં ગીતોથી ગુંજતું હતું. ભારતવર્ષના આ યુગના સ્વાત્માનુભૂતિવિભૂષિત અધ્યાત્મનિષ્ઠ સર્વશ્રેષ્ઠ મહિલારત્નની જન્મજયંતી ઊજવવા–તેમનું બહુમાન કરવા મુમુક્ષુવૃંદો આનંદવિભોર થયાં હતાં. આ મંગલ ઉત્સવને દીપાવવા શ્રી જિનમંદિર, પરમાગમમંદિર, સ્વાધ્યાયમંદિર તથા બ્રહ્મચર્યાશ્રમ વિદ્યુત–દીપાવલિઓથી શણગારવામાં આવ્યાં હતાં. માણિક્યજ્યોતિ સમા વિદ્યુતસ્વસ્તિક, '૬૩' નો વિદ્યુત–આંક તથા અન્ય વિવિધરંગી વિદ્યુતપ્રસાધનોથી સજેલા જિનમંદિરની શોભા વિશેષ આકર્ષક જણાતી હતી.

* પૂનમના દિવસે પૂજ્ય બહેનશ્રીની શાસ્ત્રસભામાં છીંદવાડાના મુમુક્ષુ બહેન શ્રી કુસુમલતાબેન પાટનીએ તથા એકમના દિવસે પૂજ્ય ગુરુદેવની પ્રવચનસભામાં મુંબઈના ડો. શ્રી સવિતાબેન જેઠાલાલ શાહે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ પોતાનાં શ્રદ્ધાભક્તિપૂર્ણ વક્તવ્ય સુંદર ભાવવાહી શબ્દોમાં રજુ કર્યાં હતાં.

* શ્રાવણ વદ બીજ–જન્મજયંતીના મંગલ દિવસે વહેલા પ્રભાતથી આનંદભેરી સાથ જન્મવધાઈનાં મધુરાં ગીતો, ગગનભેદી જયકારના મંગલ નાદો તેમ જ જિનમંદિરના મંગલ ઘંટારવથી વાતાવરણ આનંદનિર્ભર બની ગયું હતું. જિનમંદિરમાં શ્રી પંચપરમેષ્ઠી–મંડલવિધાન–પૂજાની પૂર્ણાહુતિ કરીને સકલ સમાજ, પૂજ્ય ગુરુદેવની પ્રવચનસભામાં પૂજ્ય બહેનશ્રીની થનારી બહુમાન–વિધિને નીરખવા માટે, એકત્ર થઈ ગયો હતો.

* પૂજ્ય બહેનશ્રી પ્રવચનસભામાં પધાર્યાં તે પ્રસંગે બેંડવાજાંનાં મધુરાં વાદનથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરમાગમમંદિરમાં એકત્ર થયેલી વિરાટ પ્રવચન-સભામાં આ પ્રસંગે સર્વપ્રથમ શ્રી હુલાસીબહેને (સુપુત્રી શ્રી ગજરાજજી ગંગવાલ) પ્રશમરસઝરતી ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીના ભવ્ય લલાટમાં કેસરનું તિલક કરી તથા હાર પહેરાવીને, તેમણે તથા તેમના ભાઈ શ્રી પન્નાલાલજી ગંગવાલ વગેરેએ સાચાં મોતીથી વધાવવાની વિધિ કરી હતી. ત્યાર પછી અનુક્રમે શ્રી કમળાબહેન રામજીભાઈ મોટાણીએ તથા તેમના પરિવારે અને શ્રી હસમુખરાય કાંતિલાલ ગાંધીએ તથા તેમના પરિવારે ઉપરોક્ત વિધિપૂર્વક સાચાં હીરકરત્નોથી વધાવ્યાં હતાં. આ પ્રમાણે એ ત્રણેય પરિવારે પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં તથા વિશાળ મુમુક્ષુસમુદાયની ઉપસ્થિતિમાં પૂજ્ય બહેનશ્રીનું અતિ ભાવપૂર્ણ બહુમાન કર્યું હતું. આ ભવ્ય પ્રસંગ અતિ અદ્‌ભુત તેમ જ આશ્ચર્યકારી હતો. તે પ્રસંગની પૂજ્ય બહેનશ્રીની પ્રશમરસભીની ઉદાસીન નિસ્પૃહ મુદ્રા જોઈને પૂજ્ય ગુરુદેવનું હૃદય અહોભાવથી દ્રવી ગયું હતું. વિધિ નીરખતાં પૂજ્ય ગુરુદેવને એમ થતું હતું કે-બેન તો ખરેખર મહાન ધર્મરત્ન છે, એનું ગમે તેટલું બહુમાન કરો તે તેમની પવિત્રતા પાસે ઘણું ઓછું છે. પૂજ્ય ગુરુદેવે કહ્યું કે ચંપાબેનને બહારનું આ બધું કાંઈ ગમતું નથી, વધાવવાની વિધિમાં એ તો ઊભાં પણ ન રહે, પણ અમે કહીએ: "બેન! તમારે શું છે! તમારે તો ઊભા ઊભા જોયા કરવું, લોકોને ભાવ આવે તે કરે"....ત્યારે માંડ માંડ બેન ઊભાં રહે.

પૂજ્ય બહેનશ્રીના બહુમાનનું મનોહારી દૃશ્ય નિહાળી મુમુક્ષુઓનાં હૃદય આનંદોર્મિથી ઊછળતાં હતાં. જયકારના ગગનવ્યાપી નાદોથી તથા પ્રાસંગિક મધુરાં ગીતોથી નભમંડળ ગુંજી ઊઠયું હતું. આબાળવૃદ્ધ સૌનાં હૃદયો ભક્તિઊર્મિથી નાચતાં હતાં. સર્વત્ર આનંદ અને પ્રસન્નતા છવાયેલાં દૃષ્ટિગોચર થતાં હતાં.

* આ વર્ષે મંગળ પ્રવાસમાં પૂજ્ય ગુરુદેવે પૂ. બહેનશ્રીની આધ્યાત્મિક પવિત્રતા, નિર્મળ જાતિસ્મરણજ્ઞાન, શ્રી સીમંધરભગવાનની વાણીમાં તેમણે સાંભળેલ 'જોડણી ક્ષાયિક'રૂપ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની એક અપ્રતિહત વિશિષ્ટ દશા અને પ્રવચનસારની ૯૨ મી ગાથા તથા સમયસારની ૩૮ મી ગાથા વગેરે શ્રી કુંદકુંદાચાર્યદેવની વાણીથી મળતી તેની સાક્ષી, શ્રી સીમંધરજિનની સભામાં સાંભળેલ પૂ. ગુરુદેવનું ભાવીતીર્થંકરદ્રવ્યત્વ તથા 'વિદેહના આ રાજકુમાર (પૂ. ગુરુદેવ) હવે પછીના ભવમાં ભરતક્ષેત્રે જન્મ લઈને શ્રી કુંદકુંદાચાર્યનો માર્ગ પ્રવર્તાવશે'.... વગેરે પૂ. બહેનશ્રીને સ્મરણમાં આવેલા ગંભીર મહિમાપૂર્ણ વિષયો સુપાત્ર જીવોના હિતાર્થે અનેક મુમુક્ષુવૃંદો સમક્ષ પ્રસિદ્ધ કર્યા હતા. તે ધન્ય લાભથી પ્રભાવિત થવાથી આ વખતની જન્મજયંતીના ઉત્સવમાં ઘણા મહેમાન આવ્યા હતા. પૂજ્ય બહેનશ્રી પ્રતિ જનસમુદાયની શ્રદ્ધા, ભક્તિ અને બહુમાન તરી આવતાં હતાં.

* પૂજ્ય ગુરુદેવના પ્રવચન પછી શ્રદ્ધાસુમન-સમર્પણ-સમારોહમાં શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠ તથા શ્રી ગિરધરલાલભાઈ નાગરદાસ શાહે શ્રદ્ધા-ભક્તિયુક્ત ભાવભીની અંજલી સમર્પિત કરી હતી. બપોરે પ્રવચન પહેલાં વિદિશાના શેઠ શ્રી રાજેન્દ્રકુમાર જી. જૈન તથા ગુનાના શ્રી કેવળચંદજી પાંડયાએ કાવ્ય દ્વારા પૂ. બહેનશ્રીનાં ચરણે શ્રદ્ધા-સુમનો ચડાવ્યાં હતાં. જન્મજયંતીની ખુશાલીમાં '૬૩' ના આંકના એકમથી રૂા. ૫૦, ૦૦૦ ઉપરાંતની રકમો ટ્રસ્ટના ધ્રુવફંડ ખાતે જાહેર થઈ હતી.

* આજના માંગલિક દિને પૂ. બહેનશ્રીના ઘરે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવના આહાર-દાનનો આનંદકારી પ્રસંગ હતો. આ પ્રસંગે પૂ. ગુરુદેવના મંગલ વચનોદ્ગાર તથા પૂ. બહેનશ્રીબેનની ગુરુભક્તિ સૌને અતિ પ્રમુદિત કરતાં હતાં.

* ત્યાર બાદ આશ્રમના સ્વાધ્યાય ભવનમાં સમસ્ત મુમુક્ષુવૃંદો પૂ. બહેનશ્રીનાં દર્શન તથા પ્રાસંગિક અભિવાદન કરવા ગયાં હતાં. આ પ્રસંગે ભાઈઓએ સર્વપ્રથમ પૂજ્ય બહેનશ્રીને આત્માર્થબોધક કંઈક મંગળ વચનો સંભળાવવા પ્રાર્થના કરી હતી. પૂજ્ય ગુરુદેવની મંગળ વાણીમાં બધું આવી જાય છે-એમ કહીને પૂ. બહેનશ્રીએ જ્ઞાયકસ્વભાવની મહત્તા, તેના સિવાય અન્ય સર્વની તુચ્છતા તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાનો મહિમા વ્યક્ત કરતા થોડા આત્માર્થબોધક શબ્દો ઉચ્ચાર્યા હતા. (તે 'અધ્યાત્મ-અમૃત' આ અંકમાં અન્યત્ર આપ્યું છે.) દર્શનનો આ શુભ પ્રસંગ પણ ભક્તિ-ગીતો તથા જયકારના મધુરા નાદોથી વાતાવરણને આનંદસભર કરી દેતો હતો.

* આ ઉત્સવની ખુશાલીમાં શ્રી કમળાબેન રામજીભાઈ મોટાણી તરફથી ઉત્સવના ત્રણ દિવસ સુધી સઘળું સત્સાહિત્ય (તથા 'આત્મધર્મ' નું લવાજમ) જ્ઞાનપ્રચાર અર્થે અર્ધી કિંમતે આપવામાં આવ્યું હતું. આ યોજનાનો ઘણા મુમુક્ષુઓએ લાભ લીધો હતો.

* આ મંગલ મહોત્સવની ખુશાલીમાં શ્રાવણ સુદ પૂનમના દિને શ્રી હેમકુંવરબેન કામાણી તરફથી તથા જન્મ-જયંતીના દિને શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા તરફથી 'સાધર્મીવાત્સલ્ય' રાખવામાં આવ્યું હતું. જન્મ-જયંતીના દિને શ્રી હસમુખરાય કાંતિલાલ ગાંધી તરફથી શ્રીફળની પ્રભાવના થઈ હતી.

* રાત્રે મહિલા-મુમુક્ષુસમાજમાં પૂજ્ય બહેનશ્રીનું અધ્યાત્મરસનીતરતું વીતરાગવિજ્ઞાન -બોધભર્યું આત્મસ્પર્શી વાંચન થયું હતું. વાંચન પછી કુમારિકા બ્રહ્મચારી બહેનો વગેરે દ્વારા પ્રસ્તુત પ્રસંગોચિત માંગલિક ભક્તિગીતો ઇત્યાદિપૂર્વક ૬૩ મી જન્મજયંતીનો આ આનંદકારી ઉત્સવ પૂર્ણતાને પામ્યો હતો.

卐 卐 卐

## પરમ પૂજ્ય ભગવતી માતા પ્રત્યે

છલકાતું આવે બેડલું,
મલકાતા આવે માત રે,
મારે કુંદપ્રભુનું બેડલું રે.

ઓ દયાની દેવી રે! માતા તમને વિનવીએ,
અમને એક અંજલિ આપો રે, મારે કુંદપ્રભુનું બેડલું રે.
ઓ વિદેહના સંત રે, માતા તમને વિનવીએ,
અમ તરસ્યાને જળ પાવ રે, મારે કુંદપ્રભુનું બેડલું રે.

( પૂજ્ય માતાનો જવાબ )

ઓ મારા પ્યારા ભક્તો રે, ભાઈ-બહેનો તમે સાંભળજો રે,
જ્ઞાન તરસ્યાને હું પીવરાવું રે, ખોબા ભરી ભરીને જ્ઞાન જળ રે. મારે કુંદ૦
મારા કુંદપ્રભુએ વહાવી સરિતા રે, અમૃતપ્રભુએ ભર્યું છે એમાં
જ્ઞાનામૃતનું જળ રે, મારું કુંદપ્રભુનું બેડલું રે.
આવો આવો સહુ દીન દુ:ખીયા રે, પીઓ પીઓ મીઠું મધુરું આ પાણી રે,
જેમાં કહાનગુરુએ શીતળતા આણી રે, મારું કુંદપ્રભુનું બેડલું રે.

( ભક્તો )

વિદેહના સંતોએ સુવર્ણપુરીમાં આજ જ્ઞાન પરબને ખોલી છે,
એ તો ગાગરમાં સાગર લાવ્યા છે, મારું કુંદપ્રભુનું બેડલું રે.
સંસાર તાપે ટળવળતા, મૃગજળનું પાન કરવા વલવલતા,
મરણ શરણ થાતા થાતા, અમૃતજળ પાયું અમારી માતાએ. મારે કુંદ૦

જુગજુગ જીવો! મારી ભક્તવત્સલ માતા રે,
તારા ચરણશરણની છાયા મુજ પર રાખજે સદા,
એ જ મારી ઉત્કૃષ્ટ ભાવના રે, મારું કુંદપ્રભુનું બેડલું રે.

( સૌ. ભાનુમતી પારેખ, રાજકોટ )

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* અહો ! જ્ઞાનસ્વભાવી આત્મા પોતે આનંદસ્વરૂપ છે અને તે નિજદેહે વ્યવસ્થિત છે, તો પણ જેમ જન્માંધ પ્રાણીઓ સૂર્યને દેખી શકતા નથી તેમ ધ્યાનહીન જીવો તેને દેખી શકતા નથી. ( શ્રી પરમાનંદ-સ્તોત્ર )

* આ જગતમાં જે આત્મા નિર્મળ સમ્યગ્દર્શનમાં પોતાની બુદ્ધિ નિશ્ચળ રાખે છે તે, કદાચિત્ પૂર્વનાં પાપકર્મના ઉદયથી દુઃખિત પણ હોય અને એકલો પણ હોય તોપણ ખરેખર પ્રશંસનીય હોય છે. અને એથી ઊલટું, જે જીવ અત્યંત આનંદને દેનાર એવા સમ્યગ્દર્શનાદિ રત્નત્રયથી બાહ્ય છે અને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવા મિથ્યાદ્રષ્ટિ મનુષ્યો ભલે ઘણા હોય અને વર્તમાનમાં શુભકર્મના ઉદયથી પ્રસન્ન હોય તોપણ તેઓ પ્રશંસનીય નથી. માટે ભવ્ય જીવોએ સમ્યગ્દર્શન ધારણ કરવાનો નિરંતર પ્રયત્ન કરવો જોઈએ.
( શ્રી પદ્મનંદી-દેશવ્રતોદ્યોતન-અધિકાર )

* ઇન્દ્રિયવિષયો આ જીવને છોડીને નષ્ટ થઈ જાય તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી, કેમ કે સાંસારિક સમસ્ત વસ્તુઓ અનિત્ય છે-વિનાશી છે. પરંતુ આશ્ચર્ય તો એ વાતનું છે કે આ પ્રાણી એટલો મૂઢ છે કે જે તેને ( -વિનાશી વિષયોને ) પણ છોડવા નથી માગતો; ત્યાં સુધી કે વિષયો દ્વારા છોડી દેવાયેલો તથા તિરસ્કૃત થયેલો ( આ પ્રાણી ) વિવેક રહિત થઈને વારંવાર તેનું જ સેવન કરવા ઈચ્છે છે, અને અનિત્યતાના નિયમને ભૂલી જાય છે. ( શ્રી અમિતગતિ આચાર્ય )

તંત્રી : પુરુષોતમદાસ શિવલાલ કામદાર [૩૯૪]
વીર સં. ૨૫૦૨, શ્રાવણ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૩ : અંક ૧૦

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) શ્રાવણ
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૩૫૦